ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

**પ્રેસનોટ- 2043/09/2023** **તા:27/09/2023**

નારી શક્તિ વંદન અધિનીયમ 2023 બીલ સંસદમાં બહુમત સાથે પસાર કરવા બદલ વડોદરા ખાતે આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનો અભિવાદન કરતો કાર્યક્રમ "નારી શક્તિને વંદન મોદીજીને અભિનંદન" યોજાયો.

----

આ કાર્યક્રમમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ સાથે રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ તેમજ પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજી ઉપસ્થિત રહ્યા હતા.

----

વડોદરાએ મને એક દિકરાની જેમ સાચવ્યો છે, એક મા જેમ તેના દિકરાને દુલાર આપે તેમ વડોદરાએ મને પ્રેમ આપ્યો. – શ્રી નરેન્દ્રભાઇ મોદી

----

નારી શક્તિ વંદન અધિનીય દ્વારા મારો એક પ્રયત્ન છે કે દેશની માતૃશક્તિનું રૂણ ઉતારુ. – શ્રી નરેન્દ્રભાઇ મોદી

----

વિપક્ષે નારી શક્તિ બિલને સમર્થન મન થી નથી કર્યુ કમને કર્યુ છે આવા લોકોથી માતા બહેનો ચેતેજો. – શ્રી નરેન્દ્રભાઇ મોદી

----

આ ઇન્ડિયા નહી ઘમંડિયા ગંઠબંધન છે. – શ્રી નરેન્દ્રભાઇ મોદી

----

નારી શક્તિ વંદન અધિનીયમ બિલ પસાર થવામાં મહિલાઓની શક્તિ કામ લાગી નહીતર આ વિપક્ષે તો ત્રણ ત્રણ દાયકા સુધી બીલ અટકાવા તમામ ખેલો કર્યા છે.– શ્રી નરેન્દ્રભાઇ મોદી

----

વિપક્ષ પાર્ટીઓ મહિલાઓના અધિકારોને છીનવા મેચ ફિક્સિંગનો ખેલ રમતા હતા અને હવે વિપક્ષે નારી શક્તિમાં ભાગલા પાડવાનું મોટુ ષડયંત્ર ચાલુ કર્યુ છે.– શ્રી નરેન્દ્રભાઇ મોદી

----

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

આજે સખી મંડળની બહેનો ડ્રોન ટેકનીશીયન બનીને આજુ-બાજુના ગામડાના ખેતરોમાં આધુનિક ખેતી કરવાની દિશામાં કામ કરશે અને આજે સખી મંડળની બહેનો ગ્રામીણ અર્થવ્યવસ્થાને તાકાત આપી રહી છે. – શ્રી નરેન્દ્રભાઇ મોદી

-----

જો વિપક્ષ મહિલાઓના વિકાસ માટે સંવેદનશીલ હોત તો વર્ષો સુધી આ બીલ લટકાવી ન રાખ્યુ હોત.- શ્રી નરેન્દ્રભાઇ મોદી

----

2 ઓક્ટોબર મહાત્મા ગાંધીની જન્મજયતી ઉજવતા પહેલા રાષ્ટ્રવ્યાપી સ્વચ્છતા અભિયાન ચલાવવા કોઇ પાછી પાની ન કરે અને તહેવારોમાં લોકલ ફોર વોકલ પર દેશની બનાવટ વસ્તુઓ ખરીદવા પર ભાર આપવો. - શ્રી નરેન્દ્રભાઇ મોદી

----

દેશની મહિલાઓને સશક્ત કરવાની પહેલ આઝાદીના અમૃતકાળમાં દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કરી છે. – શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ

----

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે દેશની મહિલાઓને સશક્ત કરવા ઘણી યોજનાઓ જાહેર કરી છે તે બદલ પણ તેમનુ સન્માન થવું જોઇએ. - શ્રી સી.આર.પાટીલ

----

****

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, નારી શક્તિ વંદન અધિનીયમ 2023 બીલ સંસદમાં બહુમત સાથે પસાર કરવા બદલ આજે વડોદરા ખાતે આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનો અભિવાદન કરતો "નારી શક્તિને વંદન મોદીજીને અભિનંદન" કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ સાથે રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ તેમજ પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજી ઉપસ્થિત રહ્યા હતા.આ કાર્યક્રમમાં પહોંચતા પહેલા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે રોડ-શો થકી મહિલાઓનું અભિવાદન ઝીલી સભા સ્થળે પહોંચ્યા હતા. આ કાર્યક્રમમાં સરકારની વિવિધ યોજનાના લાભાર્થી મહિલાઓ દ્વારા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનું સ્વાગત કર્યુ હતું.

આ કાર્યક્રમમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે માતા-બહેનોને વંદન સાથે સંબોધન કરતા જણાવ્યું કે, મારા જીવનના ઘડતરમાં અનેક પરિબળોનું યોગદાન રહ્યુ છે તેમાં વડોદરાએ મને એક દિકરાની જેમ સાચવ્યો છે. એક મા જેમ તેના દિકરાને દુલાર આપે તેમ વડોદરાએ મને આપ્યો. નારી શક્તિ વંદન

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org
આઝાદી કા અમૃત મહોત્સવ

અધિનીયમ દ્વારા મારો એક પ્રયત્ન છે કે દેશની માતૃશક્તિનું રૂણ ઉતારુ. આ કાયદાથી ભવિષ્યમાં વિધાનસભા અને લોકસભામાં મહિલાઓને 33 ટકા આરક્ષણ આપવાનું પાકુ થઇ ગયું છે અને આ મહત્વપુર્ણ નિર્ણય માટે શુભકામના પાઠવું છું. વડોદરા વાસીઓ સાથે એટલો બધો સમય પસાર કર્યો છે કે યાદોનો ભંડાર ભરેલો છે.

શ્રી મોદી સાહેબે વધુમાં જણાવ્યું કે, નારી સશક્તિકરણ માટે દેશમાં જે પ્રયાસ થયા છે તેમાં વડોદરાને એક સિમાચિન્હ રૂપ ગણવામાં આવે છે. વડોદરા એ જગ્યા છે કે જ્યા ગાયકવાડ સરકારના સમયે દિકરીઓને અભ્યાસ એ ફરજીયાત અને નિ:શુલ્ક હતો તેમજ જો કોઇ મા-બાપ દિકરીને ન ભણાવે તો તેને દંડ કરવામાં આવતો. દેશ અને દુનિયામા આજે ગુજરાતના વિકાસ મોડલની ચર્ચા થાય છે. ગુજરાતના વિકાસ મોડલની સૌથી મોટી તાકાત માતા-બહેનો છે. ગુજરાતે સફળતાના નવા આયામ પાર કરવાનું કામ ગુજરાત વુમન લેડ ડેવલોપમેન્ટની આધારશીલાને કારણે છે.

શ્રી મોદી સાહેબે વધુમાં જણાવ્યું કે, 20 વર્ષ પહેલા મહિલાઓનો સાક્ષરતા દર ખૂબ નીચો હતો, મોટી સંખ્યામાં દિકરીઓ દાખલ તો થાય પણ અધવચ્ચે શાળા છોડી દેતી. ખૂબ જ ઓછી સંખ્યામાં હોસ્પિટલમાં માતાઓની પ્રસુતિ થતી.ગુજરાતમાં સ્ત્રી-પુરુષનો રેસિયો પણ ચિંતાજનક હતો. ભાજપે મહિલાઓને કેન્દ્રમાં રાખી વિકાસની નીતી બનાવી અને સેવાભાવથી કામ કર્યું અને આજે ગુજરાતના ખૂણે ખૂણે તેના કામ જોવા મળે છે. ગુજરાતમાં વુમન લેડ ડેવલોપમેન્ટની સફળતા આજે વિકસીત ભારતના સ્વપ્નને સાકાર કરી રહ્યુ છે. દેશમાં આજે 9 કરોડ બહેનો સખી મંડળો જોડાયેલી છે. આજે સખી મંડળો ખેતીમાં ડ્રોન થી કેવી રીતે કામ કરી શકાય તેની માહિતી આપી રહી છે. સખી મંડળની બહેનો ગ્રામીણ અર્થવ્યવસ્થાને તાકાત આપી રહી છે. કોરોનામાં 80 કરોડ લોકોને છેલ્લા 3 વર્ષથી મફતમાં અનાજ પહોંચાડી ગરીબના ઘરનો ચુલો સળગતો રાખ્યો છે. આજે ભારતની મહિલાઓ આત્મવિશ્વાસ અને ઉર્જાવાન અને સશક્ત છે.

શ્રી મોદી સાહેબે વધુમાં જણાવ્યું કે, નારી શક્તિ વંદન અધિનીયમ બિલ પસાર થવામાં મહિલાઓની શક્તિ કામ લાગી નહીતર આ વિપક્ષે તો ત્રણ ત્રણ દાયકા સુધી અટકાવા તમામ ખેલો કર્યા છે, કેવા કેવા બહાના કાઢયા હતા. વિપક્ષ પાર્ટીઓ મહિલાઓના અધિકારીઓને છીનવા મેચ ફિક્સિંગનો ખેલ રમતા હતા. વિપક્ષે નારી શક્તિમાં ભાગલા પાડવાનું મોટુ ષડયંત્ર ચાલુ કર્યુ છે આ ઇન્ડિયા નહી ઘમંડિયા ગંઠબંધન છે. વિપક્ષ મહિલાઓની શક્તિને ધર્મ કે જાતિના આધારે તોડવાનો પ્રયત્ન કરે છે. જો વિપક્ષ મહિલાઓના વિકાસ માટે સંવેદનશીલ હોત તો વર્ષો સુધી આ બીલ લટકાવી ન રાખ્યુ હોત. વિપક્ષે નારી શક્તિ બિલને સમર્થન મન થી નથી કર્યુ ક-મને કર્યુ છે આવા લોકોથી માતા બહેનો ચેતેજો. 2 ઓક્ટોબર મહાત્મા ગાંધીની જન્મજયતી ઉજવતા પહેલા રાષ્ટ્રવ્યાપી સ્વચ્છતા અભિયાન ચલાવવા કોઇ પાછી પાની ન કરે અને તહેવારોમાં લોકલ ફોર વોકલ પર દેશની બનાવટ વસ્તુઓ ખરીદવા પર ભાર આપવા આગ્રહ કર્યો.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલે સંબોધન કરતા જણાવ્યું કે, દેશની મહિલાઓને સશક્ત કરવાની પહેલ આઝાદીના અમૃતકાળમાં દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કરી છે. મહિલા અનામત કાયદો એ દેશનું ભાગ્ય બદલવામાં મહત્વની ભૂમિકા નિભાવશે તેવો વિશ્વાસ છે. દેશના લોકતંત્રમાં મહિલાઓની ભાગીદારી વધે તે માટે ભારતીય જનતા પાર્ટી કટીબદ્ધ છે. દેશમાં દરેક ક્ષેત્રમાં મહિલાઓની ભાગીદારી વધતી જોવા મળે છે. દેશની નારી શક્તિને વધુ સશક્ત બનાવવા બદલ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનો આભાર.

આ કાર્યક્રમમાં પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું કે, વર્ષો સુધી દબાયેલી કચડાયેલી બહેનોને ન્યાય આપવા, અધિકાર આપવાનું બીડુ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ઝડપ્યુ છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે નવી સંસદમાં ઐતિહાસીક મહિલા અનામત બિલ રજૂ કર્યુ. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે મહિલાઓને લોકસભા અને વિધાનસભામાં 33 ટકા અનામત સાથે મહિલાઓને સશક્તક કરવા અનેક યોજનાઓ બનાવી છે તેમના માટે પણ તેમનું સન્માન થવું જોઇએ. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે જનહિત માટે બનાવેલ યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોંચે તે માટે પણ ચિંતા કરી છે અને મહિલા અનામત બિલ માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની અભિનંદન સાથે વંદન.

આ કાર્યક્રમમાં મહિલા સાંસદશ્રીઓ તેમજ મહિલા ધારાસભ્યશ્રીઓ, મેયરશ્રી પીન્કીબેન સોની સહિત સંગઠનના પદાધિકારીશ્રીઓ તેમજ ચૂંટાયેલા જનપ્રિતિનિધીશ્રીઓ સહિત વિશાળ સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)